# આપ વાલી તરીકે કેટલા જાગૃત છો ?

બાળકના અભ્યાસકીય સમય દરમ્યાન તેના પર શિક્ષક અને વાલીની અસર વધુ પ્રમાણમાં જોવા મળે છે. શિક્ષણ આપવાનું કામ માત્ર શિક્ષકો કે શાળાનું જ નથી. તેની કેટલીક જવાબદારી વાલી અને કુટુંબની પણ છે. હા.... અક્ષરજ્ઞાન આપવાની જવાબદારી શાળા પર છોડી શકાય.પણ માત્ર અક્ષરજ્ઞાન એ શિક્ષણ નથી. શિક્ષણ સાથે સંસ્કાર, મૂલ્યો, જ્ઞાન, વર્તન, વિચાર, વિકાસ જેવી ઘણી બાબતો સંકળાયેલ છે. માટે જ આ કામ માટે ઘર અને શાળા બંને સંયુક્ત રીતે જવાબદારી ઉપાડે તો સોનામાં સુગંધ ભળે.

અહીં વાલી મિત્રોને કેટલાક પ્રશ્નો.... શું તમારું બાળક જે શાળામાં અભ્યાસ કરે છે તે શાળાની અવારનવાર મુલાકાત લો છો? તમારા બાળકને શિક્ષણ આપતા  તમામ શિક્ષક અને આચાર્ય સામે મળે તો ઓળખી શકો ખરા? તમારું બાળક કયા ધોરણમાં કયા વર્ગમાં ભણે છે? તમારા બાળકની શાળા-કોલેજનો ફોન નંબર તમે જાણો છો? તમારા બાળકની નોટબુક-પુસ્તકો જોઇને યોગ્ય ભાષામાં સલાહ કે પ્રોત્સાહન આપો છો? બાળક માટેનુ કોઇ સામાયિક તમારા ઘેર આવે છે? શાળામાં રૂબરૂ મળવા માટે બોલાવે તો સમયસર-નિયમિત જાઓ છો? વાલી મિટીંગમાં અચૂક ભાગ લો છો? ક્યારેય શાળા કે શિક્ષકને સૂચન કરતો ફોન કે ચિઠ્ઠિ લખી છે? તમારા બાળકોના મિત્રો અને તેના વાલીને નજીકથી ઓળખો છો? તમારા બાળકને દરરોજ કેટલો સમય આપો છો? તેની સાથે બેસીને કેવા પ્રકારની કેટલી વાત કે ચર્ચા કરો છો ? (મમ્મી સમય આપે એટલે પપ્પા ન આપે તો ચાલે? તો બાળક મોટું થઇને મમ્મીની સેવા કરે અને પપ્પાની સેવા ન કરે તો ચાલશે ને?)

બાળક પ્રાથમિકશાળામાં અભ્યાસ કરતું હોય ત્યારે કેટલાક જાગૃત વાલી શાળાની મુલાકાત લેતા હોય છે. પણ તે બાળક જ્યારે હાઇસ્કૂલમાં આવે ત્યારે તેમની જાગૃતતા ઓછી થઇ જાય છે અને તે બાળક જ્યારે કોલેજમાં આવે ત્યારે પેલી ઓછી થયેલ જાગૃતતા નાશ પામી હોય છે. કદાચ વાલી માનતા હશે કે હવે તો છોકરા મોટા થઇ ગયા. કોલેજમાં જઇને આપણે કોને શું પૂછવાનું કે જાણવાનું? વાલી મિત્રો અહીં જ થાપ ખાય છે. ખરેખર તો જેમ શાળામાં અવારનવાર મુલાકાત લઇને તમારા પાલ્ય વિશે જાણકારી મેળવતા હતા તેવી જ રીતે હાઇસ્કૂલ કે કોલેજમાં પણ જઇને જાણકારી મેળવવી તે દરેક જાગૃત વાલીની નિશાની છે. આ ફરજ જેટલી ચૂકશો તેટલું નુકશાન. આ ફરજ બજાવવામાં જેટલી જાગૃતતા તેટલો ફાયદો. બાળકમાં રહેલી શક્તિઓ અને ખામીઓની સૌથી વધુ જાણકારી વાલી અને શિક્ષકને જ હોય છે.  શાળા-કોલેજમાં રૂબરૂ મુલાકત લઇને તમારા બાળકની ખાસિયતો અને ખામી જાણી શકશો અને જણાવી શકશો. શાળા-કોલેજમાં પોતાના બાળક વિશે માત્ર જાણવા માટે નથી જવાનું પણ સાથે જણાવવા પણ જવાનું છે. શિક્ષક તમને કેટલીક માહિતી આપે તમે શિક્ષકને કેટલીક માહિતી આપો. આમ બંને સાથે મળીને પ્રયત્ન કરશો તો બાળકમાં જોઇતું પરિવર્તન સહેલાઇથી અને ઝડપથી લાવી શકશો.  માટે જ દરેક વાલી પોતાના બાળકના શિક્ષકોથી પરિચિત હોવો જ જોઇએ. વાલી અને શિક્ષક નજીક આવે તે માટે શાળા-કોલેજ કક્ષાએ કેટલાક પ્રયત્ન કરવા જોઇએ. આવા પ્રયત્નો કોઇ સંસ્થા ન કરતી  હોય તો વાલીએ શાળા-કોલેજનું ધ્યાન દોરવું જોઇએ-આગ્રહ રાખવો જોઇએ. હા કેટલીક શાળા-કોલેજો આ માટે પ્રયત્નશીલ હોય છે. પણ અફસોસ વાલી તરફથી પૂરતો પ્રતિસાદ મળતો નથી. પરિણામે શાળા-કોલેજને પ્રોત્સાહનને બદલે હતાશા જ મળે છે. અંતે ક્યારેક કોઇ શિક્ષક એવું નકારાત્મક પણ વિચારે કે જો વાલીને જ તેમના બાળકની ના પડી હોય તો આપણે શા માટે આટલા ઉધામા કરવા !

કેટલાક વાલી એવું માનતા હોય છે કે, મારા બાળક વિશે જેટલું હું જાણું છું તેટલું તેના શિક્ષક જાણતા ન હોય. મિત્રો અહીં જ તમારી ભૂલ થાય છે. બાળકને જો કોઇ સાચી રીતે ઓળખી શકે તેમ હોય તો તેના વાલી અને શિક્ષક બંને છે. વળી કેટલાક વાલીને શિક્ષક પર પૂરતો વિશ્વાસ પણ હોતો નથી. ત્યારે આવા વાલીને જણાવવાનું કે, હા... કોઇ શિક્ષક ભણાવવામાં નબળો હશે, ગુટકા ખાતો હશે, શાળામાં અનિયમિત આવતો હશે, આર્થિક રીતે દેવાદાર હશે.... પણ એ શિક્ષક ક્યારેય ખોટી સલાહ કે સૂચન નહીં જ આપે. અરે તમે કોઇ શિક્ષકને અપમાનિત કર્યા હશે અને તમે તેની પાસે સલાહ લેવા જશો તો પણ તે ક્યારેય ખોટી સલાહ નહીં જ આપે. દરેક શિક્ષક પોતાની શક્તિ, જાણકારી અને માન્યતા મુજબ પૂરી નિ:સ્વાર્થ ભાવના સાથે સલાહ સૂચન આપશે. હા.. ક્યારેક દિમાગ પર ગુસ્સો સવાર થયેલ હશે પણ દિલ સચ્ચાઇથી ભરપૂર હશે. શિક્ષકની આ મહાનતા છે કે વાલી કે બાળક સલાહ માંગવા આવે તો ક્યારેય ખોટી સલાહ આપતો નથી.

જાગૃત વાલી મિત્રોને એક સૂચન.... ચોક્કસ વિષય કે બાબતના અનુભવી અને નિષ્ણાત વાલીએ શાળા-કોલેજમાં એક-બે  મહિને એકાદ પિરિયડ લેવો જોઇએ. આવા દસેક વાલી જો કોઇ શાળા-કોલેજને મળી જાય તો બાળક, વાલી અને શાળાને પ્રોત્સાહન મળશે. આ માટે શાળા-કોલેજોએ પણ વાલીને આવકારવા જોઇએ. સાથે જાગૃત વાલીએ શિક્ષકના દરેક સારા પ્રયત્ને શિક્ષકોને બિરદાવવા જોઇએ. શિક્ષકની કોઇ સારી બાબત વિશે બાળક ઘેર વાત કરે તો તરત જ શાળા-કોલેજમાં ફોન કરીને કે પત્ર-ચિઠ્ઠિ દ્વારા તે બાબતના અભિનંદન આપો. આમ સારા શિક્ષકને આદર આપવાની આળસ છોડો.

જાગૃત વાલી પાસે પોતાના બાળકના મિત્રોના નામ, સરનામા અને મિત્રોની પ્રવૃત્તિની જાણકારી પણ હોવી જોઇએ. કારણ કે જેવો સંગ તેવો રંગ. તેમાં પણ કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલીએ આ બાબતે ખાસ જાગૃત થવાની જરૂર છે. કોલેજમાં અભ્યાસ કરતાં બાળકોને પૂરતી સ્વતંત્રતા આપો, પણ આ સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ન પરિણમે તેનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. વાલી મિત્રો, આવી અનેક બાબતમાં જાગૃતતા બતાવવામાં જ તમારું અને તમારા બાળકનું હિત સમાયેલું છે. અંતે બાળકના અભ્યાસ કે સંસ્કાર પાછળ પૂરતો સમય નહીં આપીને  પૈસા કમાવા પાછળ સમય આપવામાં માનતા વાલીને ભવિષ્યમાં પસ્તાવું જ પડશે. પૈસા કમાવા પાછળ ગાંડી ઘેલસા એ ટૂંકાગાળાનું અને સામાન્ય કક્ષાનું લક્ષ્ય કહેવાય. જે તાત્કાલિક સિદ્ધ થતાં આનંદ થાય ચે, ગમે છે કેટલોક સંતોષ પણ આપે છે. જ્યારે બાળક પાછળ આપેલો સમય એ લાંબાગાળાનું અને મોટું લક્ષ્ય છે. જે સિદ્ધ થતાં ખૂબ જ સમય લાગે. જેનો આનંદ  કે સંતોષ અત્યારે ન જ મળે. જે માટે ધીરજની જરૂર છે. આ ધીરજ અને વિશ્વાસ રાખીને જે વાલી પોતાના બાળક માટે સમય આપશે તો તેમનું અને તેમના બાળકનું ભવિષ્ય ખૂબ જ ઉચ્ચકક્ષાનું હશે. જ્યારે આજે ટોળટપ્પા કરવામાં કે પોતાના શોખ સંતોષવામાં કે પૈસાની લાલચે પૈસા પાછળ પડનારનું ભવિષ્ય કાયમી ધોરણે સામાન્યકક્ષાનું જ રહેશે. તેને ક્યારેય પોતાની જાતથી કે પોતાના બાળકથી પૂર્ણ સંતોષ નહીં જ મળે. આ બાબત જ્યારે વાલીની સમજમાં આવશે ત્યારે ખૂબ જ મોડું થઇ ગયું હશે. તેના ભાગે પસ્તાવા સિવાય કોઇ જ રસ્તો નહીં  હોય.

**dr.ashokpatel@in.com**